**અમદાવાદનાં એડી.ચીફ મેજિસ્ટ્રેટ (કોર્ટ નં. ૧૦) સાહેબશ્રીની કોર્ટમાં**

ફોજદારી કેસ નં.૫૫૧૧૪૩૩/૨૦૧૬

ફરીયાદી શ્રી.સરકાર

વિરૂધ્ધ

**આરોપી**

**વિષય :– ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)(બી), ૬૫ ઈ,૮૧ અન્વયે**

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના ફરીયાદી પોલીસ અધિકારીએ પોતાના પો.સ્ટે.માં હાલના આરોપી વિરુધ્ધ ના રોજ એ મતલબની ફરીયાદ નોંધાવેલ છે કે, આ કામે કોલમ નં.૧ મા જણાવેલ આ કામના આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ એટલે કે લિકર/વોશ **લીટર–૨**નો ગેરકાયદેસર રીતે વેચાણ કરવાના ઈરાદે રાખી હાજરી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ છે. આરોપીએ પ્રોહીબીશન એકટની **કલમ–૬૬(૧)(બી), ૬૫ ઈ,૮૧**

મુજબનો ગુન્હો કરેલાનો આક્ષેપ ફરીયાદપક્ષ ધ્વારા મુકવામા આવેલ છે અને તે અન્વયે ચાર્જશીટ કરવામા આવેલ છે.

૨. ફરીયાદપક્ષે કેસના સમર્થનમાં નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે.

મૌખિક / દસ્તાવેજી પુરાવો.

**૧) આંક–૦૪ થી પંચસાહેદની જુબાની**

**૨) આંક–૦૫ થી પંચનામું**

૩. ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાના આધારે સી.આર.પી.સી.કલમ–૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોધવા લાયક પુરાવો પડેલ ન હોય વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

૪. સદર કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદ પક્ષએ નિશંકપણે પુરવાર કરે છે કે, આ કામના ફરીયાદી પોલીસ અધિકારીએ પોતાના પો.સ્ટે.માં હાલના આરોપી વિરુધ્ધ ના રોજ એ મતલબની ફરીયાદ નોંધાવેલ છે કે, આ કામે કોલમ નં.૧ મા જણાવેલ આ કામના આરોપીએ ગેરકાયદેસર વગર પાસ પરમીટે પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ એટલે કે લિકર/વોશ **લીટર–૦૨** નો ગેરકાયદેસર રીતે વેચાણ કરવાના ઈરાદે રાખી હાજરી મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલ છે. આરોપીએ પ્રોહીબીશન એકટની **કલમ––૬૬(૧)(બી), ૬૫ ઈ,૮૧**મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો આચરેલો છે ?

(૨) શું હુકમ ?

૫. ઉપરોકત મુદા અંગેના મારા ન્યાયિક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ.

–:: કા ર ણો ::–

૫. આ કામે ફરીયાદપક્ષ તરફે સૌ પ્રથમ **પંચ સાહેદ પંચ નં.૧ની જુબાની આંક–૪** થી પોત–પોતાના પુરાવા દરમ્યાન **આંક–૦૫** થી પંચનામામાં તેમની સહી ઓળખી બતાવતા રજુ કરવામા આવેલ છે. તેઓએ પોત–પોતાની જુબાનીમાં મુખ્યત્વે જણાવેલ છે કે, પોલીસે તેમને તૈયાર પંચનામામા સહી કરવાનુ કહેતા તેમણે પંચનામામા સહી કરેલી. પંચનામા વિશે તેઓ કાંઈ જાણતા નથી. આમ, પંચ સાહેદોએ **આંક–૦૫** ના પંચનામાની કોઈજ હકીકતને સમર્થન નહી કરતા પંચોને તેમનુ નિવેદન વાંચી,સંભળાવતા પંચનામાની હકીકતોને કે રીકવરીને સમર્થન આપેલ નથી.જેથી આ પંચસાહેદની જુબાનીથી **આંક–૦૬** ના પંચનામાના કોઈજ તત્વો પુરવાર થયેલ નથી.

**"નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો AIR 2009 SC 1822 Hon'ble Judges:D.K.Jain and R.M.Lodha JJ. Vakil Prasad Singh Versus State Of Bihar વંચાણે લેતા તેમા નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, It is, therefore, well settled that the right to speedy trial in all criminal persecutions is an inalienable right under Art. 21 of the Constitution. This right is applicable not only to the actual proceedings in court but also includes within its sweep the preceding police investigations as well. The right to speedy trial extends equally to all criminal prosecutions and is not confined to any particular category of cases. In every case, where the right to speedy trial is alleged to have been infringed, the court has to perform the balancing act upon taking into consideration all the attendant circumstances, enumerated above, and determine in each case whether the right to speedy trial has been denied in a given case.**

**25 <u>Where the court comes to the conclusion that the right to speedy trial of an accus4ed has been infringed, the charges or the conviction, as the case may be, may be quashed unless the court feels that having regard to the nature of offence and other relevant circumstances, quashing of proceedings may not be in the interest of justice. In such a situation, it is open to the court to make an appropriate order as it may deem just and equitable including fixation of time frame for conclusion of trial.</u>**

તથા રેકર્ડની સ્થિતી જોતા આરોપી સામે કોઈ સીધો પુરાવો મળી આવવાની શકયતા પણ નહીવત રહેલ છે અને સદર કામે રેકર્ડ જોતા માઈનોર કવોન્ટીટીનો આક્ષેપ છે અન્ય કોઈ આક્ષેપ નથી. આરોપી સામે આક્ષેપીત ગુનાનો સીધો પુરાવો આવવાની શકયતા નહીવત રહે છે તેવા સંજોગોમા નામદાર સુપ્રિમ કોર્ટે એ . આઈ.આર. ૧૯૮૮ સુ . કો.૭૦૯ માધવરાવ જે સી ધીયા વિરૂધ્ધ શં ભાજીરાવ સી.અન્જરે ના ચુ કાદાનો અભ્યાસ કરતા પારા–૭ મા ઠરાવે લ,છે કે ,It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis thatthe court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the proceeding een though it may be at a preliminary state.ઉપરોકત ચુ કાદો એ . આઈ.આર.૨૦૧૨ સુ . કો.૪૯.

On the question as to whether the Magistrate can acquit an accused at all under Section 251A (11), Cr. P. C., if the prosecution failed to produce their witnesses, a Division Bench of the Gujarat High Court observed in State of Gujarat v. Bava Bhadya (1962)'2 Cri LJ 537 (2), as follows:

Madras High Court The State (Tamil Nadu) vs Veerappan And Ors. on 24 March, 1980 Equivalent citations: AIR 1980 Mad 260

Coming now to these appeals, we might note here that the offences with which the respondents-accused have been charged are offences under Sec. 4 (1) (b) of the Tamil Nadu Prohibition Act, and those prosecutions were launched nearly four years ago. Furthermore the prosecution had not, in spite of notices, attempted to produce the witnesses and in fact were quite non-cooperative in their attitude. In view of those circumstances, while pointing out that the acquittal of the respondents accused in the circumstances of these cases is not proper, inasmuch as the court had not discharged itsduty as indicated by us as above, we do not want to interfere with that acquittal at this length of time and hence we dismiss these appeals.

સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કનવીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.

સદર કામે તપાસ અધિકારીને બોલાવવામા આવે તો પણ ફકત ફરીયાદ રેકર્ડ પર આવે ફરીયાદના તત્વો ફરીયાદી પોતે પોલીસ અધિકારી હોઈ રેઈડની પહેલેથી માહિતી ધરાવતા હોય અને સ્વતંત્ર પુરાવા વિના જયારે પોલીસ પોતે ફરીયાદી હોય ત્યારે વધારાના સ્વતંત્ર સાહેદના સમર્થન વિના શંકાથી પણ પુરવાર થઈ શકે નહી. તેવા સંજોગો મા કનવીકશન શકય નથી અને આગળની પ્રક્રીયા ચાલુ રાખવાથી પણ કોઈ ફળદાયી હકીકત મળે નહી.

૬ નામદાર સુપ્રીમ કોર્ટે એ.આઈ.આર. ૧૯૮૮ સુ.કો.૭૦૯ માધવરાવ જે સીધીયા વિરુધ્ધ શંભાજીરાવ સી.અન્જરેના ચુકાદાનો અભ્યાસ કરતા પારા–૭ માં ઠરાવેલ છે કે It is also for the court to take into consideration any special features which apper in a particular case to consider whether it is expedient and in the interest of justice to permit a prosecution to continue. This is so on the basis that the court cannot be utilized for any oblique purpose and where in the opinion of the court chances of an ultimate conviction are bleak and therefore, no useful purpose is likely to be served by allowing a criminal prosecution to continue, the court may while taking into consideration the special facts of a case also quash the

proceeding een though it may be at a preliminary state. ઉપરોક્ત ચુકાદો એ.આઈ.આર.૨૦૧૨ સુ.કો.૪૯૯ શ્રીજી ઉર્ફે પપ્પુ અને બીજા વિ.રાધીકા અને બીજામાં રીફર કરવામાં આવેલ છે. આમ સદર ચુકાદો વંચાણે લેતા તેમાં નામદાર હાઈકોર્ટ ધ્વારા ઉચિત કીસ્સામાં કાર્યવાહીમાં આગળ વધવાનુ યોગ્ય ન જણાય તો ફરિયાદ કવોશ કરવા સબંધેની ચર્ચા કરેલ છે. વધુમાં નામદાર એપેલેટ કોર્ટની વખતો વખતની સ્પીડી ટ્રાયલ ચલાવવાની ગાઈડ લાઈન ધ્યાને લેતા જયારે આરોપી ને તકસીરવાન ઠરાવી શકાય તેવા કોઈ પણ ચાન્સ રહેલ ન હોઈ કે શકયતા રહેલ ન હોય તો તેવી કાર્યવાહી આગળ ચલાવવી તે અદાલતના પ્રોસેસના દુરઉપયોગ સમાન ગણાશે. જેથી ફરિયાદ પક્ષનો વધુ પુરાવો નોંધવામાં આવેલ નથી. વધુમાં સદર કામે રેકર્ડની હકીકત જોતા હાલની ટ્રાયલ ચલાવવામા આવે તો પણ કોઈ મહત્વનો પુરાવો મળી આવે તેમ ન હોઈ અને આરોપીઓને તે રીતે લાભ મળે તેવા સંજોગોમા મોહનલાલ વિ. સ્ટેટ ઓફ પંજાબ (સુપ્રીમ કોર્ટ) તથા સતીષ મહેરા વિ. દીલ્લી એડમીનીસ્ટ્રેશન નો નામ. સુપ્રીમ કોર્ટનો ચુકાદો ધ્યાને લેતા જયારે કોર્ટને ફેરલી એવુ લાગે કે કન્વીકશનની કોઈ શકયતા રહેલ નથી ત્યારે ફકત ફોર્માલીટી માટે પ્રોસીજર કમ્પલીટ કરવાની જરૂરત રહેતી નથી.

૭. સદર કામે જો ફરીયાદીને તપાસવામાં આવે તો પણ ફરીયાદી પોતે પોલીસના જવાબદાર અધિકારી હોય સ્વાભાવીક રીતે ફરીયાદને અનુરૂપ જુબાની આપે અને પોતે કરેલ કામગીરીનો ફરીયાદને અનુરૂપ અહેવાલ રજુ કરે અન્ય કોઈ સ્વતંત્ર હકીકતો રેકર્ડ પર આવે નહી અને હાલના ફરીયાદી પણ જે પોલીસ સ ટેશને રેઈડ કરી મુદામાલ સાથે પ્રપોઝ ચાર્જશીટ કરેલ છે તે પોસ્ટેના સભ્ય હોય પોતે સ્વાભાવીક રીતે એકબીજા થી પણ તમામ બાબતોના જાણકાર હોય વધુમાં ફરીયાદીની જુબાની થી ફકત પોલીસ કામગીરીનો અહેવાલ રેકર્ડ પર આવે વધુમાં ફરીયાદને જેમ છે તેમ ધ્યાને લેવામાં આવે તો પણ ફરીયદમાં સરકારી વાહનનો નંબર કે રેઈડ વખતે સાથે રાખેલ પંચોના નામ લખાવેલ નથી વધુમાં ફરીયાદ જોતા તેમા ખાના રાખવામાં આવેલ છે અને તેમાં પેન થી લખાણ થયેલ છે તેવા સંજોગોમાં જયારે અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ પોલીસ સિવાય ન હોય અને સ્વતંત્ર પંચોએ રીકવરીને સમર્થન આપેલ ન હોય તેવા સંજોગોમાં પ્રસ્થાપિત ક્રિમીનલ જયુરીસપ્રુડન્સના સિધ્ધાંતોને ધ્યાને લેતા તથા આરોપીના અધિકારોને તથા ફેર ટ્રાયલના સિંધ્ધાતો તથા પુરાવાની તમામ ચેઈન અંકબંધ રીતે જોડાય અને ફકત અને ફકત હાલના આરોપીએ જ આક્ષેપીત ગુનો કરેલ છે તેવો સ્પષ્ટ પુરાવો આવે ત્યારેજ તકસીરવાન ઠરાવી શકાય અન્યથા પુરવાર થયા સુધી આરોપી નિર્દોષ હોવાનો સિધ્ધાંત તથા વખતોવખતના નામ.સુપ્રિમ કોર્ટના ચુકાદાઓ મુજબ જયારે પુરાવામાં શંકા બાકી રહેતી હોય અને બંને તરફની શંકાઓ સ્પષ્ટ થતી હોય ત્યારે આરોપીને શંકાનો લાભ મળવા પાત્ર થાય છે હાલના કેસમાં પંચો સિવાય અન્ય કોઈ સ્વતંત્ર સાહેદ ન હોય વધુ પુરાવો લેવામાં આવે તો પણ કોઈ ફળદાયી હકીકત મળે નહી અને પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ આરોપીને શંકાનો લાભ મળે તેમ હોય તે ધ્યાને રાખી પડેલ પુરાવાના આધારે નિર્ણય કરવો યોગ્ય અને વ્યાજબી જણાય છે.

૮. પંચો પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા નથી. આ કામના આરોપીના કબ્જામા ફરીયાદમાં જણાવ્યા મુજબના મુદ્દામાલ સાથે મળી આવેલ હોવાની હકીકતને સમર્થન મળતુ નથી કારણ કે ફરીયાદપક્ષનો પુરાવો જોતા તેઓએ આ રેઈડ પંચોની હાજરીમાં કરેલ છે જયારે આ કામે પંચો પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા નથી તેમજ આ કામના આરોપીના કબ્જામાંથી મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનો મુદ્દામાલ મળી આવેલ છે તે બાબતે પંચોની જુબાનીથી સમર્થન મળેલ નથી તેમજ વધુમાં આવા પ્રકારના કોગ્નીઝેબલના ગુન્હામાં ફરીયાદ પક્ષને અન્ય સ્વતંત્ર સાહેદોનુ સમર્થન પણ મળવુ જરૂરી છે જે આ કામે એવા કોઈ સાહેદોને તપાસવામા આવેલ નથી કે તેવા સાહેદોને ચાર્જશીટમાં દર્શાવેલા નથી. આ કામે પંચો પંચનામાની હકીકતને સમર્થનકારક પુરાવો આપતા નથી. આમ, ફરીયાદપક્ષ હાલના આરોપી સામે પોતાનો કેસ શંકાથી પર સાબીત કરવામા નિષ્ફળ ગયેલ હોય,મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામા આવે છે.

## હુકમ

૧. આ કામના આરોપી ભાવનગરવાળાને ધી બોમ્બે પોહીબીશન એકટની **–૬૬(૧)(બી), ૬૫ ઈ,૮૧** મુજબના ગુન્હામાંથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૧) અન્વયે શંકાનો લાભ આપી મુકત કરવાનો હુકમ કરવામા આવે છે.

૨. આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ લીકરનો મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૩. પ્રોહીબીટેડ લીકર સિવાયનો મુદામાલ જો આ કામે જમા હોય તો માલિકીની ખરાઈ કરી પરત આપવો.જો અગાઉ વચગાળાની કસ્ટડી આપવામાં આવી હોય તો તે કાયમી કરવામાં આવે છે.

૪. આરોપીએ સી.આર.પી.સી. ૪૩૭–એ. ની જોગવાઈ મુજબ અગાઉના જામીન ચાલુ રાખવામાં આવે છે.

(જતીનકુમાર શાંતિલાલ શાહ)
તા. / /૨૦૨૨ દસમી કોર્ટ મેજીસ્ટ્રેટ
અમદાવાદ અમદાવાદ

UI Code No.GJ00936